જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
સત્યમેવ જયતે ગુજરાત સરકાર જોરાવર પેલેસ,બનાસકાંઠા,પાલનપુર
પઢે ચલો, બઢે ચલો RASHTRIYA MADHYAMIK SHIKSHA ABHIYAN
Email Id :bnsdeo@gmail.com Phone No: 02742- 257055 Fax No: 02742-257055

ક્રમાંક : હિ.પ/સીપીએફ/પરીપત્ર/૨૦૧૮/

જિલ્લા શિક્ષણાધિકારી કચેરિ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૨૯/૦૬/૨૦૧૮

વંચાણે લીધા ::-

૧. શિક્ષણ વિભાગનો તા.૧૦-૫-૨૦૧૮ નો ક્રમાંક: પરચ/૧૨૨૦૧૭/૩૬૮/વ.૨

૨. નાણાં વિભાગનો તા. ૩-૪-૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક:નપન-૧૦૨૦૧૧-ડી-૨૪૫-પી.

૩. ક્રમાંક:-હ/નવપેયો/અંશત:ઉપાડ/૨૦૧૮/૧૯૯૫-૨૦૨L
કમિશનર, શાળાઓની કચેરી
બ્લોક નં.૯, ડૉ.જી.મ.ભવન
ગુ.રા., ગાંધીનગર
તારીખ:-૨૫-૬-૨૦૧૫

પરિપત્ર ::-

ઉક્ત વંચાણે લીધેલ ક્રમ-૧ અન્વયે શિક્ષણ વિભાગ દ્વારા "રાજ્ય સરકારના નવી વર્ધિત પેન્શન યોજના હેઠળના ખાતેદાર કર્મચારીઓ/અધિકારીઓ અંશત: ઉપાડ કરી શકે તે માટેની સૂચનાઓ પ્રસિધ્ધ કરવા "જણાવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ-૨ના નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ અન્વયે "રાજ્ય સરકારના નવી વર્ધિત પેન્શન યોજના હેઠળના ખાતેદાર કર્મચારીઓ/અધિકારીઓ અંશત: ઉપાડ કરી શકે તે માટેની સૂચનાઓ પ્રસિધ્ધ" કરેલ છે. વંચાણે લીધેલા ક્રમ ૩થી રાજ્યસરકારના નવી વર્ધિત પેન્શન યોજના હેઠળના અધિકારીત કર્મચારીઓ અંશત: ઉપાડ કરી શકે તે બાબતે જરૂરી નિયમોનુસારની આગળની કાર્યવાહી કરવા જણાયેલ છે. જેથી આપની શાળા હસ્તકના નવી વર્ધિત પેન્શન યોજના હેઠળના ખાતેદાર કર્મચારીઓ/અધિકારીઓને આ ઠરાવ/પરિપત્ર અંગેની જરૂરી સૂચના આપવા તમામ આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે.

આ સાથે ઉક્ત વંચાણે લીધેલા ક્રમ ૧ અને ૨ ના ઠરાવની નકલ સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્ય શ્રી,
........................(તમામ)

તાત્કાલીક /સમય મર્યાદા

ક્રમાંક: પરચ/૧૨૨૦૧૭/૩૬૮/વ.ર
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૧૦ / ૫ / ૨૦૧૮

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી.,બ્લોક નં-૯, ડૉ.જીવરાજ મહેતા ભવન,સચિવાલય,ગાંધીનગર
(૨) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,સચિવાલય,ગાંધીનગર.
(૩) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,સચિવાલય,ગાંધીનગર.
(૪) અધ્યક્ષશ્રી, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક બોર્ડ સેકટર નં ૧૭, ગાંધીનગર
(૫) કમિશ્નરશ્રી, મધ્યાહન યોજના,બ્લોક નં-૧૪, ડૉ.જીવરાજ મહેતા ભવન,સચિવાલય,ગાંધીનગર
(૬) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭ ગાંધીનગર.
(૭) નિયામકશ્રી, એન.સી.સી હનુમાન કેમ્પ, કેન્ટોનમેન્ટ એરીયા, અમદાવાદ.
(૮) નિયમકશ્રી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેકટર નં ૧૨ ગાંધીનગર
(૯) નિયામકશ્રી ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, સેકટર-૧૦ ગાંધીનગર.
(૧૦) નિયામકશ્રી,સાક્ષરતા અને નિરંતર શિક્ષણ,બ્લોક નં-૧૨/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન,સચિવાલય ગાંધીનગર
(૧૧) નિયામકશ્રી ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન,નવરંગપુરા,અમદાવાદ
(૧૨) અધ્યક્ષશ્રી ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, સેકટર-૨૧ ગાંધીનગર

વિષય:-રાજ્ય સરકારના નવી વર્ધિત પેન્શન યોજના હેઠળના ખાતેદાર કર્મચારીઓ/અધિકારીઓ અંશતઃ ઉપાડ કરી શકે તે માટેની સૂચનાઓ પ્રસિધ્ધ કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વેના નાણા વિભાગના તા.૩/૪/૨૦૧૮ના ઠરાવ ક્રમાંકઃનપન/૧૦૨૦૧૧/ડી/૨૪૫/પીના ઠરાવ ની નકલ બિડાણ સહિત મોકલી આપતા જણાવવાનું કે,પ્રસ્તુત પત્રમાં જણાવેલ વિગતોની ચકાસણી કરીને નિયમોનુંસારની કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ
(આર.જે.દેસાઇ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

બિડાણઃ- ઉપર મુજબ.

નકલ રવાનાઃ- સેકશન અધિકારીશ્રી,ફ-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

**રાજ્ય સરકારના નવી વર્ધિત પેન્શન યોજના(NPS) હેઠળના ખાતેદાર કર્મચારીઓ/ અધિકારીઓ અંશત: ઉપાડ કરી શકે તે માટેની સૂચનાઓ પ્રસિધ્ધ કરવા બાબત.**

ગુજરાત સરકાર
નાણા વિભાગ
**ઠરાવ ક્રમાંક-નપન-૧૦૨૦૧૧-ડી-૨૪૫-પી**
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :03/૦૪/૨૦૧૮

**વંચાણમાં લીધા:**

(૧) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક- નપન/ ૨૦૦3/જીઓઆઇ-૧૦/પી, તા.૧૮/3/૨૦૦૫
(૨) PFRDA ના તા.૨૪/૧૦/૨૦૧૬ના Circular No. PFRDA / 21/ EXIT / 7
(3) PFRDA ના તા.૧૦/૦૧/૨૦૧૮ના Circular No. PFRDA /2018/40/ EXIT

**પ્રસ્તાવના:**

રાજ્ય સરકાર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી તા.૧/૪/૨૦૦૫ કે ત્યારબાદ રાજ્ય સરકારમાં નિયમિત નિમણૂક પામેલ કર્મચારી / અધિકારીઓ માટે નવી વર્ધિત પેન્શન યોજના (NPS) લાગુ પાડવામાં આવેલ છે. The Pension Fund Regulatory and Development Authority (PFRDA), ભારત સરકાર દ્વારા આ યોજનાની વહીવટી દેખરેખ રાખવામાં આવે છે. PFRDA દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૨) અને (3) પરના Circular થી કેન્દ્ર સરકારના NPS હેઠળના કર્મચારીઓ માટે અંશત: ઉપાડ મંજૂર કરવા અંગે માર્ગદર્શિકા/સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના નવી વર્ધિત પેન્શન યોજના હેઠળના ખાતેદાર કર્મચારીઓ/અધિકારીઓ તેમના ખાતામાંથી અંશત: ઉપાડ કરી શકે તે માટેની સૂચનાઓ પ્રસિધ્ધ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ

કાળજીપૂર્વક વિચારણાને અંતે રાજ્ય સરકાર દ્વારા ઠરાવવામાં આવે છે કે, રાજ્ય સરકારના નવી વર્ધિત પેન્શન યોજના (NPS) હેઠળના ખાતેદાર કર્મચારીઓ/અધિકારીઓ વયનિવૃત્ત થાય અથવા રાજીનામુ આપે તે પહેલા તેના ખાતામાંથી નીચેની જોગવાઇઓને આધિન અંશત: ઉપાડ કરી શકશે.

**અંશત: ઉપાડ માટેના હેતુ:-**

૧. ખાતેદારના બાળકોના ઉચ્ચ અભ્યાસ માટે (જેમાં કાયદાકીય રીતે દત્તક લીધેલા બાળકોનો પણ સમાવેશ થાય છે)
**૨.** ખાતેદારના બાળકોના લગ્ન માટે (જેમાં કાયદેસર દત્તક લીધેલ બાળકોનો પણ સમાવેશ થાય છે.)
**3.** પોતાના, પત્ની કે પતિ સાથે સંયુક્ત નામે રહેણાકનું મકાન કે ફ્લેટનાં બાંધકામ/ખરીદી માટે (ખાતેદારને વારસામાં મળ્યુ હોય તે સિવાય કોઇ અન્ય મકાન કે ફ્લેટ પોતાના અથવા પતિ કે પત્નીના સંયુક્ત નામે ધરાવતા હોવા જોઇએ નહિ.)
૪. નીચે જણાવેલ ખાસ પ્રકારની બિમારીની સારવાર માટે (પોતાના, પતિ કે પત્ની, કાયદેસરના દત્તક લીધેલ સહિતના બાળકો અને ખાતેદારના માતા-પિતા માટે)
(૧) કેન્સર
(૨) કીડની ફેઇલર (એન્ડ સ્ટેજ રીનલ ફેઇલર)
(3) પ્રાઇમરી પલ્મોનરી આર્ટેરીઅલ હાઇપરટેન્શન
(૪) મલ્ટીપલ સ્કેલેરોસિસ
(૫) મેજર ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ
(૬) કોરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટ
(૭) અઓર્ટા ગ્રાફ્ટ સર્જરી

(૮) હાર્ટ વાલ્વ સર્જરી

(૯) સ્ટ્રોક

(૧૦) માયોકાર્ડિનિઅલ ઇનફેકશન

(૧૧) કોમા

(૧૨) ટોટલ બ્લાઇંડનેસ

(૧૩) પેરાલિસિસ

(૧૪) ગંભીર/જીવલેણ પ્રકારના અકસ્માત

**અંશત: ઉપાડની મર્યાદાઓ:**

**૧.** સંબંધિત કર્મચારી/અધિકારી ઓછામાં ઓછા ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી નવી વર્ધિત પેન્શન યોજનામાં જોડાયેલ હોવો જોઇએ.

**૨.** સમગ્ર નોકરી દરમ્યાન વધુમાં વધુ ત્રણ વખત આવો અંશત: ઉપાડ કરી શકાશે.

**3.** એકવાર અંશત: ઉપાડ કર્યા બાદ પાંચ વર્ષ સુધી બીજી વાર આવો અંશત: ઉપાડ કરી શકાશે નહિ.

**૪.** ખાતેદારની અંશત: ઉપાડની અરજી તારીખે તેના દ્વારા જમા કરાવાયેલ કર્મચારી ફાળાની ૨૫% રકમ કરતા વધુ રકમનો અંશત: ઉપાડ મંજૂર કરી શકાશે નહિ.

**અંશત: ઉપાડ માટેની અરજી:**

સંબંધિત ખાતેદાર અધિકારી/કર્મચારીએ cra-nsdl.com વેબસાઇટ પર તેમને ફાળવેલ Login I.D. અને Passwordની મદદથી અંશત:ઉપાડ માટે ઓનલાઇન અરજી કરવાની રહેશે. અરજી સબમીટ થયા બાદ Acknowledgement Number જનરેટ થશે.

ઓનલાઇન અરજી સબમીટ કર્યા બાદ સંબંધિત અધિકારી/કર્મચારીએ દિન-૩માં PFRDA દ્વારા નિયત કરવામાં આવેલ પ્રફોર્મામાં (હાલ Form:601 PW ) નીચે પૈકી લાગુ પડતા દસ્તાવેજ સાથે સક્ષમ સત્તાધિકારીને અંશત: ઉપાડ માટે અરજી કરવાની રહેશે.

| અ.નં | અંશત: ઉપાડનો હેતુ | અરજી સાથે રજૂ કરવાના દસ્તાવેજો |
|---|---|---|
| ૧ | ખાતેદારના બાળકોના ઉચ્ચ અભ્યાસ (જેમાં કાયદાકીય રીતે દત્તક લીધેલા બાળકોનો સમાવેશ પણ થાય છે) | એડમિશન લેટર તથા ઉચ્ચ અભ્યાસ માટે ભરવાપાત્ર ફીના અંદાજનું સંસ્થાનું પ્રમાણપત્ર |
| ૨ | ખાતેદારના બાળકોના લગ્ન માટે જેમાં કાયદેસર દત્તક લીધેલ બાળકોનો પણ સમાવેશ થાય છે.) | સેલ્ફ ડિકલેરેશન |
| 3 | પોતના, પત્ની કે પતિ સાથે સંયુક્ત નામે રહેણાકનું મકાન કે ફલેટનાં બાંધકામ/ખરીદી માટે(ખાતેદારને વારસામાં મળ્યુ હોય તે સિવાય કોઇ અન્ય મકાન કે ફ્લેટ પોતાના અથવા પતિ કે પત્નીના સંયુકત નામે ધરાવતા હોવા જોઇએ નહિ.) | ટાઇટલ ડોક્યુમેન્ટની નકલ, અધિકૃત પ્લાન અને સેલ્ફ ડિકલેરેશન અથવા હાઉસિંગ ફાયનાન્સ કંપની અથવા બેંકના લોનના ઓફર લેટરની નકલ અને સેલ્ફ ડિકલેરેશન |
| ૪ | ખાસ પ્રકારની બિમારીની સારવાર માટે (પોતાના, પતિ કે પત્ની, કાયદેસરના દત્તક લીધેલ સહિતના બાળકો અને ખાતેદારના માતા-પિતા માટે) | જે ડૉ. પાસેથી સારવાર મેળવતા હોય તેવા જે તે રોગના નિષ્ણાંત ડોકટર અથવા સિવિલ સર્જનનું પ્રમાણપત્ર (ખર્ચના અંદાજ સાથે) |

બેન્કની વિગતો માટે સંબંધિત અધિકારી/કર્મચારીએ રદ્દ કરેલ ચેક અથવા બેન્ક પાસબુકની નકલ અથવા બેન્કનું પ્રમાણપત્ર અરજી સાથે સામેલ કરવાનું રહેશે.

અંશત: ઉપાડનો હુકમ:

સંબંધિત ખાતેદાર કર્મચારી/અધિકારીની અંશત: ઉપાડની અરજીના અનુસંધાને સક્ષમ સત્તાધિકારીએ **દિન-૫ માં** નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીને ઉદ્દેશીને અંશત: ઉપાડ મંજૂર કર્યાનો હુકમ આ સાથે સામેલ **અનુસૂચિ-૧** મુજબના પ્રફોર્મામાં મોકલી આપવાનો રહેશે.

અંશત: ઉપાડ અંગેની નોંધ સંબંધિત શાખા/કચેરીએ સેવાપોથીમાં અચૂક કરવાની રહેશે. સામાન્ય ભવિષ્ય નિધીમાંથી અંશત: ઉપાડ મંજૂર કરવા જે અધિકારીને સત્તા સોંપણી થયેલ છે તે અધિકારી અંશત: ઉપાડ મંજૂર કરવા માટે સક્ષમ સત્તાધિકારી કહેવાશે.

આ ઠરાવનો લાભ નવી વર્ધિત પેન્શન યોજના(NPS) હેઠળ જે અધિકારી/કર્મચારીઓના ખાતા નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી દ્વારા નિભાવવામાં આવતા હોય તેવા રાજ્ય સરકારના કર્મચારીઓ/અધિકારીઓને મળશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. કે. પટેલ)
**નાયબ** સચિવ (પેન્શન અને તિજોરી)
નાણાં વિભાગ

__નકલ રવાના:-__

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧ અને ૨, સચિવાલય.
માન. વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર.
- **સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ,** ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો/તમામ ખાતાના વડાઓ/તમામ કચેરીના વડાઓ,
તમામ કલેકટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨), અમદાવાદ/રાજકોટ,
નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, બ્લોક નંબર -૧૭, જુના સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, બ્લોક નંબર-૧૮, જુના સચિવાલય ગાંધીનગર.
નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, બ્લોક નંબર-૧૭, જુના સચિવાલય, ગાંધીનગર.
વીમા નિયામકશ્રીની કચેરી, બ્લોક નંબર-૧૭, જુના સચિવાલય, ગાંધીનગર.
સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ,
તમામ તિજોરી અધિકારીઓ/ તમામ પેટા તિજોરી અધિકારીઓ,
પગાર અને હિસાબી અધિકારીઓ, અમદાવાદ/ગાંધીનગર/નર્મદા/વડોદરા
સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
રાજ્ય સરકારના તમામ બોર્ડ/ કોર્પોરેશન/ નિગમો.
નાણા વિભાગની તમામ શાખાઓ, સર્વે અધિકારીશ્રીઓ (નાણા શાખાઓ સહિત)
**સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબસાઇટ પર પ્રસિધ્ધ** કરવાની કાર્યવાહી માટે.
__સિલેકટ ફાઇલ પી શાખા__

- પત્ર દ્વારા

અનુસૂચિ – ૧

(નાણાં વિભાગના તા:૩/૪/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક–નપન–૧૦૨૦૧૧–ડી–૨૪૫–પી સાથેનું બિડાણ)

**નવી વર્ધિત પેન્શન યોજનાનાં ખાતામાંથી અંશત: ઉપાડ માટેનો હુકમ**

હુકમ નં: ..................................

કચેરીનું નામ અને સરનામુ :.............

..................................................

તા..........................

પ્રતિ,

નિયામકશ્રી,

પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રીની કચેરી,વીમા અને લેખા ભવન,

બ્લોક નં ૧૮, ડૉ. જીવરાજ મહેતા ભવન સંકુલ,

ગાંધીનગર – ૩૮૨૦૧૦

**વિષય : શ્રી ....................................................... હોદ્દો.................ના નવી વર્ધિત પેન્શન યોજનાનાં ખાતામાંથી અંશત: ઉપાડ મંજૂર કરવા બાબત**

શ્રીમાન,

સવિનય જણાવવાનું કે શ્રી/શ્રીમતી/કુમારી ..................................................... હોદ્દો.............................તેઓના.......................................................................... અંગેના ખર્ચને પહોંચી વળી શકે તે માટે તેમના નવવર્ધિત પેન્શન યોજના ખાતાનાં Permanent Retirement Account No.(PRAN)..........................................માંથી .........%નાં અંશત: ઉપાડની માંગણી PFRDA દ્વારા નિયત કરવામાં આવેલ Form: 601 PW માં કરેલ છે (સામેલ છે). તેઓશ્રીએ અંશત: ઉપાડ માટે કરેલ ઓનલાઇન અરજીનો Acknowledgement No.........................................તારીખ..............છે.

શ્રી.............................................એ રજુ કરેલ વિગતોને ધ્યાને લઇને અંશત: ઉપાડ મંજૂર કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

(સક્ષમ સત્તાધિકારીનું નામ અને સહી–સિક્કા)

બિડાણ :– ઉપર મુજબ

(૧) PFRDA દ્વારા નિયત કરવામાં આવેલ Form:601 PW

(૨) અંશત: ઉપાડને સંબંધિત આધાર પુરાવા

(૩) રદ્દ કરેલ ચેક અથવા બેન્ક પાસબુકની નકલ અથવા બેન્કનું પ્રમાણપત્ર

**નકલ રવાના :**

૧.અંશત: ઉપાડની અરજી કરનાર કર્મચારી/અધિકારીને (નામ અને હાલની કચેરીનું સરનામું )

૨.અંશત: ઉપાડ કરનાર અધિકારી હાલ જે કચેરીમાં ફરજ બજાવતા હોય તે કચેરીને જાણ સારૂ

૩.સેવાપોથી નિભાવનાર કચેરી/શાખા અધિકારી તરફ સેવાપોથીમાં નોંધ કરવા સારૂ.